## –:: **ક્રિમીનલ ઈન્કવાયરી નંબર :–૪૪/૨૦૨૩ ના કામે આંક –૧ લગત હુકમ** ::–

- ફરિયાદ તથા તેના સંલગ્ન દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા.
- નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૪૫ મુજબ સોગંધ પર સરતપાસ વંચાણે લીધી
- નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮, ૧૪૨, ૧૪૫ વંચાણે લીધી.
- ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૦૦ વંચાણે લીધી.

૧. આ કામના ફરિયાદીની ફરિયાદ, સોગંદ પર સરતપાસ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતાં આરોપી વિરૂધ્ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબનો પ્રથમ દર્શનીય ગુનો બનતો હોવાનુ જણાઈ આવે છે.

૨. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા (૧) **Indian Bank Association and others Versus Union of India and others [2014 0 AIR(SC) 2528] અને** (૨) **A.C. Narayanan & Another Versus State of Maharashtra & Others [2014 0 AIR(SC) 630]** ને માનપુર્વક વંચાણે લેતાં હાલના ફરિયાદીને સોગંધ પર તપાસ્યા વિના આરોપી વિરૂધ્ધ મજકુર ગુના અન્વયે ઈન્સાફી કાર્યવાહી ચલાવવા પુરતા, વ્યાજબી અને ન્યાયીક કારણો જણાય છે.

૩. વધુમાં ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૦૦ પ્રમાણે જ્યારે ખાનગી ફરિયાદ કરવામાં આવે તો આરોપીને સાંભળવા જરૂરી ન હોવાની જોગવાઈ કરવામાં આવેલ છે, વધુમાં એન. આઈ. એક્ટ સ્પેશીયલ એક્ટ હોય, જે સામાન્ય કાયદા કરતા વધુ પ્રભુત્વ ધરાવે છે, તે હકિકત ધ્યાને લેતાં એન.આઈ. એક્ટની જોગવાઈ અનુસાર ગુનાના તત્વો પ્રથમદર્શનીય રીતે જણાતા હોય, આરોપીને સાંભળ્યા વિના ગુનાનુ સંજ્ઞાન લેવુ યોગ્ય અને ન્યાયોચિત જણાય છે, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

### –:: **આખરી હુકમ** ::–

૧. ક્રિમીનલ ઈન્કવાયરી **"મંજુર"** કરવામાં આવે છે.

૨. સદર ક્રિમીનલ ઈન્કવાયરી ફૈંસલ કરી, એન.આઈ.એક્ટની કલમ ૧૩૮ની ફરિયાદ અંગેનો ક્રિમીમલ કેસ રજીસ્ટરે લેવાનો હુકમ કરવામા આવે છે.

૩. ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૦૪ અન્વયે આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ અન્વયેના ગુના અંગે ફરિયાદીએ ફરિયાદની નકલ અને દસ્તાવેજી પુરાવાઓની નકલ રજુ કર્યેથી આરોપી વિરૂધ્ધ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૩.૦૬.૨૦૨૬**
**ડાકોર**

(જે.પી.પ્રજાપતિ)
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ**
**ડાકોર,**
**GJ01608**